**અફઘાનિસ્તાનના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રીની ભારત મુલાકાત**

25 નવેમ્બર, 2025

અફઘાનિસ્તાનના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી, મહામહિમ અલ્હાજ નૂરુદ્દીન અઝીઝીએ 19-25 નવેમ્બર 2025 દરમિયાન વેપારી પ્રતિનિધિમંડળ સાથે ભારતની મુલાકાત લીધી.

2.આ મુલાકાત દરમિયાન, મંત્રીશ્રી અઝીઝીએ ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરી. બંને મંત્રીઓએ દ્વિપક્ષીય સંબંધો, કનેક્ટિવિટી અને લોકોથી લોકોના પારસ્પરિક આદાન-પ્રદાન પર ચર્ચા કરી.

3. મંત્રીશ્રી અઝીઝીએ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. તેમણે વેપારની સુવિધા, બજારની સુલભતા, કનેક્ટિવિટી અને ક્ષમતા નિર્માણ સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે કાબુલ-દિલ્હી અને કાબુલ-અમૃતસર ક્ષેત્રમાં એર ફ્રેઇટ કોરિડોર શરૂ થવાની જાહેરાત કરી. બંને મંત્રીઓએ વેપાર, વાણિજ્ય અને રોકાણ પર સંયુક્ત કાર્યકારી જૂથને ફરી સક્રિય કરવાનું સ્વાગત કર્યું અને ખાણકામ તેમજ અન્ય ઉચ્ચ-મૂલ્ય ક્ષેત્રોમાં સહયોગ માટે તકો શોધવા સંમતિ દર્શાવી. ભારત અને અફઘાનિસ્તાન પોતપોતાના દૂતાવાસોમાં વાણિજ્યિક પ્રતિનિધિઓ નિયુક્ત કરશે અને એક સંયુક્ત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની સ્થાપના કરશે. મંત્રીશ્રી અઝીઝીએ વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જિતિન પ્રસાદ સાથે પણ મુલાકાત કરી.

4.મંત્રીશ્રી અઝીઝીએ ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળા (IITF 2025) ની પણ મુલાકાત લીધી, જ્યાં ઘણા અફઘાન વેપારીઓએ સ્ટૉલ લગાવ્યા હતા. તેમણે વિવિધ પ્રદર્શકો સાથે વાતચીત કરી અને IITF ખાતે સાંસ્કૃતિક પ્રદર્શનની મુલાકાત લીધી. મંત્રીશ્રી અઝીઝીના પ્રતિનિધિમંડળે કૃષિ અને પ્રસંસ્કૃત ખાદ્ય ઉત્પાદ નિકાસ વિકાસ પ્રાધિકરણ (APEDA), સુતરાઉ વસ્ત્ર નિકાસ સંવર્ધન પરિષદ (TEXPROCIL), ભારતીય કપાસ નિગમ (CCI), પરિધાન નિકાસ સંવર્ધન પરિષદ (AEPC), માનવનિર્મિત અને ટેક્નિકલ ટેક્સટાઇલ નિકાસ સંવર્ધન પરિષદ (MATEXIL), PHD ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (PHDCCI), એસોસિએટેડ ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઑફ ઇન્ડિયા (ASSOCHAM), અને ફાર્માસ્યુટિકલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઑફ ઇન્ડિયા (PHARMEXCIL) સાથે બેઠકો કરી. તેમણે અફઘાનિસ્તાનને કૃષિ ઉત્પાદનો, દવાઓ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના લાંબા ગાળાના પુરવઠા માટેની પદ્ધતિઓ પર ચર્ચા કરી.

5.આ મુલાકાત વેપાર, અર્થતંત્ર અને રોકાણોમાં દ્વિપક્ષીય જોડાણ અને સહયોગને વધુ ગાઢ બનાવવા માટે બંને પક્ષોની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ભારત બંને દેશોના લોકોને સાતત્યપૂર્ણ

લાભો મળે એ રીતે આ આર્થિક ભાગીદારીને આગળ વધારવા માટે અફઘાનિસ્તાન સાથે નજીકથી કામ કરવા માટે પ્રતિબધ્ધ છે.

નવી દિલ્લી

25 નવેમ્બર, 2025